**અમદાવાદના મહે.સાતમાં અધિક સીવીલ જજ તથા જે.એમ.એફ.સી.ની કોર્ટમાં, અમદાવાદ (ગ્રામ્ય),**

**ફોજદારી કેસ નંબર ૨૮૫૮૦/૨૦૨૪**
**આંક:–**

ફરીયાદ :– શ્રી સરકાર

**// વિરુધ્ધ//**

આરોપી :– (૧) રાજેન્દ્રકુમાર ઉર્ફે રાજુભાઈ કરશનભાઈ પટેલ
(૨) ભરતભાઈ લવજીભાઈ ઠકકર
(૩) ભુપેન્દ્રભાઈ ખેંગારભાઈ ઠકકર
(૪) દેવેન્દ્રભાઈ શંભુલાલ ઠકકર
(૫) મનીષકુમાર સુરેશભાઈ સાઈતા (ઠકકર)
(૬) મહેન્દ્રભાઈ લવજીભાઈ ઠકકર
(૭) ભરતભાઈ દેવરાજભાઈ સુથાર

બાબત :– જુગારધારાની કલમ – ૪,૫ મુજબ

---

**// ચુ કા દો //**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,આરોપી સામે જુગારધારાની કલમ – ૪,૫ મુજબ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે અને ચાર્જસીટને ફોજદારી કેસ નંબર આપવામા આવેલ.

(૨) આરોપી ને સમન્સ કરતા કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપવાની ખાત્રી કરેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતા ગુના કબુલાત અંગે પુછતા તેઓ ગુનાની કબુલાત કરતા હોઈ તેઓની ગુના ની કબુલાત પુરસીસ રેકર્ડ કરી અને તેમાં તેઓએ જણાવેલ છે કે,તેઓને ગુનો સ્વેચ્છાએ કબુલ કરે છે. તેઓનો આ પ્રથમ ગુનો છે અને તેઓ કોઈ પણ જાતની ધાક ધમકી કે દબાણ વગર ગુનો કબુલ કરે છે અને તેને ઓછી સજા કરવા તથા દયા રાખવા વિનંતી કરી છે. વધુમાં આ કામે આરોપીઓએ સદર કામે કબજે કરેલ મુદ્દામાલ ભવિષ્યમાં તેઓ કલેઈમ કરશે નહી તે બાબતની પુરસીસ રજુ કરેલ છે. આ કામે આરોપી ખરેખર પોતાની સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે. આરોપીની કબુલાત કરતા હોય અનેઆરોપીના ઉપરોકત સંજોગો જોતાં દોષિત ઠરાવી અને આરોપી દંડની સજા કરવી વાજબી જણાતી હોય ન્યાયના હિતમા નીચે મુજબ હુકમ કરૂ છું.

**//હુ ક મ//**

(1) દરેક આરોપીને બીએનએસએસની કલમ ૨૨૯ અન્વયે જુગારધારાની કલમ – ૪,૫ અન્વયેના ગુના સબબ તકસીરવાન ઠરાવી દરેક આરોપી ને રૂપિયા ૫૦૦/– ( શબ્દોમા અંકે પાંચ સો રૂપિયા પુરા) કુલ્લે રૂપીયા ૩૫૦૦/– (શબ્દોમાં અંકે ત્રણ હજાર પાંચસો રૂપીયા પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે જો દંડ ન ભરે તો દિન– ૫ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(2) આ કામે મુદ્દામાલ પાવતીની વિગતે કબજે કરવામાં આવેલ કીંમતી મુદ્દામાલ વચગાળાની કસ્ટડી તરીકે સોપવાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે બીનશરતી કાયમી કરવામાં આવે છે અને જો વચગાળાની કસ્ટડી તરીકે સોપવાનો હુકમ કરેલ ના હોય તો ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ ૪૫૨ અન્વયે અરજી કરે થી હકદાર વ્યક્તિને સોંપી આપવો. વધુમાં બીન કીંમતી મુદ્દામાલનો અપીલ સમય વીતેથી નાશ કરવો. વધુમાં જો મુદ્દામાલ તરીકે રોકડ રકમ કબજે કરવામાં આવેલ હોય તો અપીલ સમય બાદ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ તારીખ ૧૪ મી માહે ડીસેમ્બર સને ૨૦૨૪ ના રોજ મેજીસ્ટ્રેટની ખાસ સીટીંગમા જાહેર કર્યો.

(ડો.પી.કે.પંડયા)
સાતમા એડીશનલ સીવીલ જજ અને
જયુડી.મેજી.ફ.ક.,
અમદાવાદ(ગ્રામ્ય),નવરંગપુરા
U.I.CODE GJ 01398

તારીખઃ– ૧૪/૧૨/૨૦૨૪
સ્થળઃ– અમદાવાદ(ગ્રામ્ય)